પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૧૯૩ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૧-૦૪-૨૦૨૨ સોમવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# પાટીદાર પાણીદાર ત્યારે જ બને જ્યારે પાણી હોય, દરેક જિલ્લામાં ૭૫ અમૃત સરોવર બનાવો : મોદી

## જૂનાગઢના ગાંઠિલા મંદિરમાં આજે મહાપાટોત્સવનો કાર્યક્રમ યોજાયો : વડાપ્રધાન મોદી વર્ચ્યુઅલી જોડાયા

જૂનાગઢ,

જૂનાગઢના ગાંઠિલા મંદિરમાં આજે મહાપાટોત્સવનો કાર્યક્રમ યોજાયો છે. ઉમાધામના મહાપટોત્સવના કાર્યક્રમમાં વડાપ્રધાન મોદી વર્ચ્યુઅલી જોડાયા હતા. પોતાના સંબોધનમાં પીએમ મોદીએ પાણી, પ્રાકૃતિક ખેતી, પ્લાસ્ટિક મુક્ત જીવન અને કુપોષણ પર ભાર મૂક્યો હતો. તેમણે સમાજમાં આ બાબતોની કેટલી જરૂર છે તે વિશે જણાવ્યું હતું.

સંબોધનમાં પીએમ મોદીએ કહ્યુ હતું કે, દૂરથી પણ જૂના જોગીઓના દર્શન થઈ રહ્યા છે તે ખુશીનો સમય છે. આજે ચૈત્રી



નવરાત્રિનો નવમો દિવસ છે. સૌને મંગલ કામના છે કે મા સિદ્ધદાત્રી તમારી ઈચ્છા પૂરી કરે. મેં સામુહિકતાની શકિતનો હંમેશા અહેસાસ કર્યો છે. આજે શ્રીરામનો પ્રોગ્ત્યમહોત્સવ છે. મને અગાઉ પણ અહી આવવાનો મોકો મળ્યો છે. આ પાવનધામ શ્રદ્ધાનુ કેન્દ્ર તો છે, પણ હવે આ સ્થાન સામાજિક ચેતનાનુ કેન્દ્ર તથા ટુરિઝમ ક્ષેત્ર બન્યુ છે. મા ઉમિયાના ભક્તો જે પણ પૂરુ કરવાનુ હોય તે પૂરો કરવાનો પ્રયાસ તમે લોકોએ કર્યો છે. તેના માટે કર્તાધર્તાઓને અનેક અભિનંદન છે. મુખ્યમંત્રીએ લાગણીસભર વાત કરી. તેમણે કહ્યુ ધરતી માતા છે. હું ઉમિયા માતાનો ભક્ત હોવુ તો ધરતી માતાને પીડા આપવાનુ કોઈ કારણ નથી. ધરતી માતાને બચાવવાનુ મોટુ અભિયાન છે. ભૂતકાળમા આપણે પાણીની અછતમાં જીવતા લોકો. દુષ્કાળ કાયમની ચિંતા રહી છે. પરંતુ પાણી માટે અનેક અભિયાન ચલાવ્યા. પાણી માટે મથામણ કરી. તે મુસીબતમાંથી આપણે હવે બહાર આવ્યા છીએ. સૌના સાથ સહકારથી જન આંદોલન કરયુ છે. પરંતુ આજે પણ જળ સંચય માટેના પ્રયાસોમાં ઉદાસીનતા દાખવવી ન જોઈએ. દર ચોમાસા પહેલાનું કામ કરવાનુ છે. હવે કેમિકલથી કેમ મુક્તિ મળે તેનો વિચાર કરવો પડશે. નહિ તો ધરતી માતા આપણી સેવા નહિ કરે. ગમે તેટલા મોંઘા બીજ વાવીશું તો પણ કંઈ નહિ નીકળે.

પ્રાકૃતિક ખેતી વિશે તેમણે કહ્યુ કે, મને ગર્વ છે ગુજરાતમાં મા ઉમિયા, મા ખોડલના ભક્તોએ દીકરી બચાવોનું આંદોલન ઉપાડ્યું. ગુજરાતની દિવ્યાંગ દીકરી ઓલિમ્પિકમાં જઈને જંગ જીતીને આવી છે. તેવી જ રીતે પ્રાકૃતિક ખેતી પર જેટલુ જોર આપીશું, ધરતી માતા લીલીછમ થવા લાગશે. ગુજરાત ખીલી ઉઠશે. તેવી જ રીતે આપણા ગુજરાતમાં બાળકો કુપોષિત હોય તે ચાલે નહિ. દીકરીઓની સ્વાસ્થયની ચિંતા વિશેષ કરવી જોઈએ. તેનો એ અર્થ નથી કે પરિવાર ગરીબ છે. પણ બાળકોના ભોજન પર ખાસ ધ્યાન રાખવુ જોઈએ, જેથી તેઓ તંદુરસ્ત બને. ગામના બાળકો હવે કુપોષણનો શિકાર નહિ બનવો જોઈએ તેની ચિંતા કરવી જોઈએ. બાળક સશક્ત હશે, તો સમાજ અને દેશ પણ સશક્ત થશે. હવે મા ઉમિયા ટ્રસ્ટ દ્વારા તંદુરસ્ત બાળ સ્પર્ધા થાય તેવુ કંઈ કરવુ જોઈએ. ઈનામ આપવાથી વાતાવરણ બદલાઈ જશે.

તેમણે કહ્યું કે, મા ઉમિયાના ધામમાં અનેક કાર્યક્રમો કરી શકાય છે, તો જ આ સ્થળ સાચા અર્થમા સામાજિક ચેતનાનુ કેન્દ્ર બનશે. ૨૦૪૭ માં દેશ આઝાદીના ૧૦૦ વર્ષ ઉજવશે, ત્યારે આપણે, આપણુ ગામ, સમાજ, દેશ ક્યા હશે તે સંકલ્પના દરેક નાગરિકમાં હોવી જોઈએ. એક વિચાર મારા મનના આવ્યો છએ કે, આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે દરેક જિલ્લામાં ૭૫ અમૃત સરોવર બનાવી શકીએ. આજથી ૨૫ વર્ષ બાદ આગામી પેઢી જોશે કે અમારા ગામના લોકોએ આ તલાવ બનાવ્યુ હતું. પાટીદાર પાણીદાર ત્યારે જ બને જ્યારે પાણી હોય. ગામ તળાવથી જ સમૃદ્ધ થશે. આ મોટુ કામ નથી. આપણે અનેક ચેકડેમ બનાવ્યા છે. દર ૧૫ ઓગસ્ટે તળાવ પાસે ઝંડારોપણ પણ કરો. ગામના વડીલો દ્વારા ધ્વજવંદન કરાવો.

આ પ્રસંગે મોટી સંખ્યામાં પાટીદાર નેતાઓ, આગેવાનો પણ જોડાયા હતા. તો ખોડલધામ ચેરમેન નરેશ પટેલ પણ મહાપાટોત્સવમાં ઉપસ્થિત રહ્યા હતા. નરેશ પટેલે મા ઉમિયાને શીશ ઝુકાવ્યું, માતાજીના દર્શન અને આરતી કરી હતી.

## કચ્છમાં ૩.૨ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો

ભુજ,

કચ્છમાં ફરી ધરતી ધ્રુજી છે. પૂર્વ કચ્છના રાપરમાં ભૂકંપનો આંચકો આવતા લોકો ફફડી ઉઠ્યા હતા. ભૂકંપનું કેન્દ્રીય બિંદુ રાપરથી એક કિલોમીટર દૂર નોંધાયું છે. આ આંચકો મોડી રાત્રે ૧૨:૪૯ વાગ્યે અનુભવાયો હતો. ભૂકંપની તીવ્રતા ૩.૨ની હોવાની વાત સામે આવી છે. ભૂકંપની તીવ્રતા ઓછી હોવાથી કોઈ જાનહાની સમાચાર નથી.

આગામી સમયમાં ગરમીમાં વધારો થશે તેવી હવામાન વિભાગે આગાહી કરી છે. હવામાન વિભાગે આગાહી કરી હતી કે સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતમાં આગામી પાંચ દિવસ સુધી કાળઝાળ ગરમી પડશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતમાં ગરમીનો પારો ૪૫ ડિગ્રીએ જઈ શકે છે. હવામાન વિભાગે કચ્છ અને ઉત્તર ગુજરાતમાં ઓરેજં એલર્ટ જાહેર કર્યુ છે. તો સૌરાષ્ટ્રમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. અમદાવાદ શહેરમાં ૪૨.૩ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જ્યારે રાજકોટમાં ૪૧.૮ ડિગ્રી તાપમાન નોંધાયું.

## મોદીએ દેશવાસીઓને પાઠવી રામ નવમીની શુભેચ્છા

નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે રામ નવમીના અવસર પર દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે. તેમણે દરેક વ્યક્તિના જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિની શુભેચ્છા પાઠવી હતી. મોદીએ ટ્વિટ કરીને કહ્યું કે, રામ નવમી પર દેશવાસીઓને ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

ભગવાન શ્રી રામની કૃપાથી દરેકને જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ મળે. જય શ્રી રામ!'' એવું માનવામાં આવે છે કે ભગવાન રામનો જન્મ ચૈત્ર માસના શુક્લ પક્ષની નવમીના દિવસે થયો હતો.આ દિવસે સમગ્ર દેશમાં રામનવમીનો તહેવાર




ખૂબ જ ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવે છે.ભગવાન શ્રી રામની કૃપાથી દરેકને જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિના આશીર્વાદ છે. સમૃદ્ધિ રહે. જય શ્રી રામ!'' એવી માન્યતા છે કે ભગવાન રામનો જન્મ ચૈત્ર માસના શુક્લ પક્ષની નવમીએ થયો હતો. આ દિવસે રામ નવમીનો તહેવાર દેશભરમાં ખૂબ જ ઉત્સાહ સાથે ઉજવવામાં આવે છે.

## નડાબેટ ખાતે BSFનો પ્રથમ અત્યાધુનિક પ્રોજેક્ટ સીમાદર્શન પ્રોજેક્ટનું અમિત શાહના હસ્તે ઉદ્‌ઘાટન

પાલનપુર,

ભારત-પાક. સરહદ પાસે બનાસકાંઠાના નડાબેટ ખાતે બીએસએફનો પ્રથમ અત્યાધુનિક પ્રોજેક્ટ 'સીમાદર્શન પ્રોજેક્ટલ્લનું આજે દેશના કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યુ છે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. આજથી ભારત-પાક સરહદ- નડાબેટ ખાતે પણ વાઘા-અટારી બોર્ડર જેવો નજારો જોવા મળશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે સવારે નડાબેટ પહોંચીને નડેશ્વરી



માતાના દર્શન કર્યા હતા. તે બાદ ૧૨૫ કરોડના ખર્ચે નિર્માણ પામેલા સીમા દર્શન પ્રોજેક્ટનું ઉદ્દઘાટન કર્યુ હતુ.આ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી અમિત શાહનું સંબોધનમા જણાવ્યુ કે, પ્રધાનમંત્રી મોદીએ સીમા દર્શનની કલ્પના કરી હતી. મોદીએ બોર્ડર ટુરિઝમનું સપનું જોયું હતું. અહીં આવનાર દરેકને દેશભક્તિનો એહસાસ થશે. ૧૦ વર્ષ બાદ નડાબેટ સેન્ટર ૫ લાખ લોકોને રોજગારી આપશે.તેમણે વધુમાં જણાવ્યુ કે, અહીં લોકોના આવવાથી પર્યટનને પણ પ્રોત્સાહન પ્રાપ્ત થશે. હાથ જોડીને મોદીજીની કલ્પનાને નમન કરું છું. પ્રવાસન વિભાગ દ્વારા બોર્ડર ટુરિઝમના વિકાસ માટે 'ટી-જંકશનલ્લ, ઝીરો પોઈન્ટ તથા ટી-જંકશનથી લઈને ઝીરો પોઈન્ટ સુધીના રસ્તા પર વિવિધ વિકાસકાર્યો કરવામાં આવ્યા છે. રાષ્ટ્રની રક્ષા કાજે પોતાના પ્રાણોની આહૂતિ આપનાર વીર સૈનિકોની સ્મૃતિમાં 'અજય પ્રહરી સ્મારકનું નિર્માણ કરાયું છે. તેમજ ૪૦ ફૂટની ઊંચાઈ પર ત્રિરંગો લહેરાવવામાં આવ્યો છે. આ ઉપરાંત, પ્રવાસીઓ ભારત-પાકિસ્તાન બોર્ડરનો નજારો જોવાનો રોમાંચક અનુભવ પણ કરી શકે તે માટે બીએસએફ દ્વારા બીટિંગ રિટ્રીટ સમારોહનો પણ આરંભ કરાયો છે. જવાનોના શૌર્યથી ભરપૂર દ્રશ્યોને જોઈને પ્રવાસીઓના દિલમાં જવાનો પ્રત્યે અનોખા ગર્વ અને શ્રદ્ધાની લાગણી પેદા થશે.



મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# સંતરામપુર નગરના મોટા બજાર વિસ્તારમાં ૨૦ વર્ષ પછી કુવા ની સફાઈ ની કામગીરી હાથ ધરી


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, સંતરામપુર નગરમાં સ્થાનિક રહીશોના રજૂઆતના આધારે સંતરામપુર નગરપાલિકા વર્ષો પહેલાં નગરના અલગ અલગ વિસ્તારોમાં આ બધા કૂવાઓનું નગરના દરેક વિસ્તારોમાં સ્થાનિક રહીશોને પાણી પૂરૂં પાડવામાં આવતું હતું પરંતુ જ્યારથી કડાણા મહીસાગરનું પાણી શરૂ કરી દેતા ત્યારથી આ કુવાનું પાણી આપવાનું બંધ કર્યું હતું અને નગરના બધા કુવા ઉપર ધ્યાન આપવામાં આવેલું ન હતું. આના કારણે આજુબાજુના રહીશો આપવાનો લાભ લઈને દરેક વ્યક્તિઓ કચરો અંદર આવતા હતા. ફોર ફરી ભુવાની જરૂર પડવાના કારણે અને સ્થાનિક રહીશોની રજૂઆતના આધારે પ્રથમવાર વર્ષો પછી આજે નગરપાલિકાના સ્ટાફ અને કર્મચારી સ્થળ ઉપર મુલાકાત લઇ સફાઈ કામદાર દ્વારા અને જાણકાર વ્યક્તિઓ સાથે કૂવામાં ઉતરીને આજે મોટા બજાર વિસ્તારમાં કુવાની સફાઈ કરવામાં આવી કુવાના અંદરથી ઢગલાબંધ કચરો બહાર પાડવામાં આવેલો હતો. જેથી કરીને ભવિષ્યમાં ફરીથી તાત્કાલિક આપવાના પાણીનું મૂંગા પશુઓ માટે અને જરૂરિયાત માટે ઉપયોગ કરી શકાય પરંતુ સંતરામપુરમાં કેટલાક વિસ્તારોમાં કુવો પૂરીને દેવામાં આવેલા છે. જો ખરેખર સંતરામપુર નગરના દરેક કૂવાઓની સર્વે કરી પુરી લીધેલ આવોને ખુલ્લા કરવામાં આવે તેની સફાઈ કરી અને સેપ્ટિક ટેન્ક બેસાડી દેવામાં આવે ગમે ત્યારે પણ આ કુવાનું પાણીનો લાભ ગામના દરેક વ્યક્તિ અને નાગરિકો લઈ શકે છે. કારણકે દિવસે દિવસે વર્ષો પછી પણ જોઈએ એવો સંતરામપુર તાલુકા વિસ્તારમાં વરસાદ પડતો નથી અને નદીમાં એક જ મહિનામાં પાણી સુકાઈ જતું હોય છે, પરંતુ જો કુવાઓ ખુલ્લા કરવામાં આવે અને વરસાદી પાણી કૂવામાં જાય તો પાણીનો સંગ્રહ કરી શકાય અને ખરા સમય પર તેનો ઉપયોગ પણ કરી શકાય. સંતરામપુર નગરના સ્થાનિક રહીશોની માંગણી છે કે કેમ બંધ પડેલા આ રીતે તમામ કુવો તેને ખુલ્લા કરી સફાઈ કરવામાં આવે અને રાબેતા મુજબ ફરી ચાલુ થાય સ્થાનિક રહીશોની ઈચ્છા છે અને વધુમાં ભવિષ્યમાં પણ આપવાનો ઉપયોગ કરી શકાશે અને તેનો લાભ લઈ શકશે.

# સંતરામપુર નગરમાં રામનવમી નિમિત્તે ધામધૂમપૂર્વક શોભાયાત્રા કાઢવામાં આવી



સંતરામપુર, ભાવિ ભક્તોનું માનવ મહેર જોવા મળ્યું હતું સંતરામપુર નગરમાં રામનવમી નિમિત્તે ધામધૂમથી પૂર્વક શોભાયાત્રા કાઢવામાં આવેલી હતી. આ શોભાયાત્રામાં રાજ્યકક્ષાના મંત્રી કુબેરભાઈ ડીડોર, વિશ્વ હિન્દુ પરિષદના નેતા દિલીપભાઈ રાણા, મહિસાગર જિલ્લાના ભારતીય પ્રમુખ દશરથસિંહ બારીયા, દીપકભાઈ ચાવડા સંખ્યાબંધ આ શોભાયાત્રામાં જોડાયા હતા. જયશ્રી રામના નારા સાથે સંતરામપુર નગર ગુંજી ઉઠ્યું હતું. કેસરિયા ધજા સાથે રંગત જમાવી હતી. સંતરામપુરના કારગિલ પેટ્રોલ પંપ પાસે હનુમાનજી મંદિર પાસેથી શોભાયાત્રાની શરૂઆત કરવામાં આવેલી હતી. અલગ અલગ વિસ્તારોમાં શોભાયાત્રા કાઢીને સંપન્ન કરવામાં આવેલી હતી અને કાયદો અને વ્યવસ્થા જળવાય તે માટે સંતરામપુર પીઆઇ મછાર, પીએસઆઇ કલાસવા, પોલીસ સ્ટાફ, એસઆરપી જવાનો અલગ-અલગ ટુકડીઓ બનાવીને બંધ બાંધવામાં આવેલો હતો. આ સાથે સંતરામપુર નગરમાં રામનવમીની ધામધૂમ પૂર્વક શ્રદ્ધાભેર ઉજવણી કરવામાં આવેલ હતી. ભાવિક ભક્તોમાં ઉલ્લાસ અને આનંદનો માહોલ જોવાઈ રહ્યો હતો.

# લુણાવાડા વેરી નદી ઉપર બાંધકામ અને પુરાણ કરી નાળુ બનાવી દેવામાં આવ્યુ

મલેકપુર, મહિસાગર જિલ્લાના લુણાવાડા નગરની શોભા વધારતી વેરી નદી પ્રદુષણ ઉપરાંત વધુ એક માનવ સર્જીત સંકટનો સામનો કરી રહી છે.

લુણાવાડાથી મોડાસા તરફ જતા વેરી નદીમાં છેલ્લા કેટલાક સમયથી બાંધકામ તેમજ માટી પુરાણ કરી વેરી નદીને નાનુ નાળુ બનાવી દેવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. નદીની બાજુમાં દિવાલનુ બાંધકામ કરી માટી પુરી તેની જળસંગ્રહની શક્તિ વધારવાના સ્થાને સિમીત કરવાની બેરોકટોક કામગીરીના પગલે સુજલામ સુફલામ જળ અભિયાન પર સવાલો ઉઠી રહ્યા છે. એક તરફ સરકાર સુજલામ સુફલામ જળ અભિયાન અંગર્તત તળાવો ચેકડેમો ઉંડા કરી જળસંગ્રહ શક્તિ વધારવાની કામગીરી શરૂ કરી છે. તો બીજી તરફ તંત્રના જવાબદાર અધિકારીઓ આંખ આડા કાન કરી વેરી નદીને પુરવાની કામગીરીમાં મુક સંમતિ આપી રહ્યા છે. વધુમાં આસપાસના વિસ્તારમાંથી વેરી નદીમાં આવતા કુદરતી પાણીના વ્હેણ કે જે કેટલાક બિલ્ડરોએ અંગત સ્વાર્થના ભોગે નિયમો નેવે મુકી ગરનાળા નાંખી બંધ કરી દીધા છે. નદી તરફ જતા કુદરતી પાણીના વ્હેણને અવરોધી રહ્યા છે. આ નદીને બચાવવા વેરી બચાવો અભિયાન શરૂ કરવાનુ પ્રકૃતિપ્રેમીઓની અંતરાત્મા બોલી રહ્યો છે. જિલ્લા તંત્રની ટીમ દ્વારા વેરી નદીની હાલની વાસ્તવિક સ્થિતિ જેમ કે આસપાસનુ પ્રદુષણ, બાંધકામ, માટીપુરાણ તેમજ કુદરતી વ્હેણમાં અવરોધાત્મક કામગીરી વગેરેની સમીક્ષા કરે તેમજ નદીની દુર્દશા કરનારાઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# લુણાવાડા પોલીસે કસ્બા મહોલ્લામાં જુગાર રમતા ૪ જુગારીયાને ઝડપ્યા



લુણાવાડા, મહીસાગર જિલ્લા પોલીસની સુચના અને માર્ગદર્શન થી લુણાવાડા પો.સ્ટે.વિસ્તારમાં પ્રોહી/જુગારના ગુન્હા શોધી કાઢવા સારૂ પો.ઈન્સ.લુણાવાડા પો.સ્ટે.તથા પોલીસ માણસો સહિતના પોલીસના માણસો પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન પો.ઈન્સ. નાઓને બાતમી મળેલ કે લુણાવાડા ટાઉનમાં કસ્બા મહોલ્લામાં ફજલ ઉર્ફે લાલો નડીયાદી અબ્દુલ રહેમાન પઠાણના ઘર પાસે ખુલ્લી જગ્યામાં કેટલાક માણસો ખુલ્લામાં પોતાના આર્થીક ફાયદા સારૂ પત્તા પાનાથી પૈસાનો હાર જીતનો જુગાર રમી રમાડે છે. તેવી બાતમી આધારે સદર બાતમી વાળી જગ્યાએ પંચો સાથે રેઈડ કરતાં કુલ-૪ ઇસમો, (૧) મકસુદ અબ્દુલ મજીદ સુરફી રહે.જવાહર રોડ ઘાંચીવાડ તા-લુણાવાડા જી.મહીસાગર (૨) ઈશાક હનીફ અરબ રહે-ગઢ મહોલ્લા લુણાવાડા, જી.મહીસાગર (૩) લાલો ઉર્ફે નડીયાદી ફજલ અબ્દુલ રહેમાન પઠાણ રહે કસબા મહોલ્લા લુણાવાડા, જી.મહીસાગર (૪) યુસુફ નીઝામભાઇ શેખ રહે ગઢ મહોલ્લા લુણાવાડા તા.લુણાવાડા જી.મહીસાગર નાઓને પૈસા પાનાથી હારજીતનો જુગાર રમતાં પકડી પાડવામા આવેલ અને આરોપીઓની અંગઝડતીમાંથી રોકડ રૂપીયા, રૂા.૫૭૦૦/-તથા દાવ ઉપર થી મળી આવેલ રોકડ રૂા.૧૦,૭૭૦/-તથા પત્તા પાના નંગ પર કીંમત રૂા.૦૦/૦૦ તથા નીચે પાથરેલ પાથરણું કીંમત રૂપીયા ૦૦/૦૦ મળી કુલ્લ રૂા.૧૬,૪૭૦/--ના મુદ્દામાલ નો મુદ્દામાલ કબ્જે કરવામા આવેલ છે અને નાસી જનાર (૧) યાકુબ અલી અમદાવાદી તથા (૨) ઈર્શાદ નાઓને વોન્ટેડ જાહેર કરવામા આવેલ છે. તમામ આરોપીઓ વિરૂધ્ધ લુણાવાડા પો.સ્ટે.મા જુગારધારા કલમ-૧૨ મુજબ ગુન્હો દાખલ કરવામાં આવેલ છે.અને વધુ તપાસ લુણાવાડા પોલીસ કરી રહેલ છે.

# આદિવાસી સમાજનું ગૌરવ



બાબરોલ ગામનાં શિક્ષક વડેરા ગલસિંહ અખમભાઈ પુત્રી ડો. હેતલકુમારી ગલસિંહ વડેરાએ તારીખ ૯/૦૪/૨૦૨૨ નાં રોજ મહારાજા સયાજીરાવ ગાયકવાડ યુનિવર્સિટી ખાતે યોજાયેલ પદવી સમારોહમાં MBBS ની પદવી પ્રાપ્ત કરીને વડેરા પરીવાર અને સમાજને ગૌરવ અપાવેલ છે. જીવનમાં ખૂબ આગળ વધો અને સમાજની સેવા કરતાં રહો તેવી શુભેચ્છાઓ.


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

**મહિસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના પટ્ટણ ગામે મા ચામુંડાના ભવ્ય મંદિર પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સાંસદ રતનસિંહ રાઠોડ તેમજ લુણાવાડા તાલુકા પંચાયતના શાસક પક્ષના નેતા અજયભાઈ દરજી એ હાજરી આપી હતી અને ગ્રામજનો તેમજ માઈ-ભક્તો સાથે વાત ચીત કરી હતી.**

# દાહોદના રળીયાતી ગામેથી બે ઈસમોને બે દેશી બનાવટની પીસ્તોલ સાથે અટકાયત



દાહોદ, દાહોદ એલ.સી.બી. પોલીસે દાહોદ તાલુકાના રળીયાતી ગામેથી એક ઈસમ પાસેથી દેશી હાથ બનાવટની પિસ્ટોલ તેમજ તેના એક સાથી મિત્ર પાસેથી મળી કુલ બે દેશી હાથ બનાવટની પિસ્ટોલ સાથે બ જણાની અટકાયત કરી રૂા. ૨૭ હજારનો મુદ્દામાલ કબજે કર્યાંનું જાણવા મળે છે. ગતરોજ દાહોદ એલ.સી.બી. પોલીસને મળેલ બાતમીના આધારે દાહોદ તાલુકાના રળીયાતી ગામે વોચ ગોઠવી ઉભા હતા. તે સમયે ત્યાંથી અવલભાઈ નવલાભાઈ પરમાર (રહે. વઢેલાવ, તા.ગરબાડા, જિ.દાહોદ) ની અટકાયત કરી તેની પાસેથી એક દેશી હાથ બનાવટની પિસ્ટોલ ઝડપી પાડી હતી જ્યારે તેની સઘન પુછપરછ કરતાં અન્ય એક પિસ્ટોલ તેના સાથી મિત્ર પાસે હોવાનું જણાવતાં પોલીસે ઉપરોક્ત ઈસમને સાથે રાખી તેના સાથી મિત્રના રહેણાંક વિસ્તારમાં જઈ તેના સાથી મિત્ર ભૌમેશ ઉર્ફે પપ્પુભાઈ પ્રજાપતિ (રહે. ખંડવા, મધ્યપ્રદેશ) ની અટકાયત કરી તેની પાસેથી પણ દાહોદ એલ.સી.બી. પોલીસે દેશી હાથ બનાવટની પિસ્ટોલ ઝડપી પાડી હતી. બે પિસ્ટોલ મળી કુલ રૂા. ૨૫ હજારનો મુદ્દામાલ પોલીસે કબજે લઈ ઉપરોક્ત બંન્ને ઈસમો વિરૂધ્ધ પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



અખિલ ભારતીય લબાના સમાજની નવયુવક મંડળ રાછરડા અનાસ દ્વારા રાત્રી ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૦૨૨ હિમાલા એ.પી.એમ.સી. ગ્રાઉન્ડ ખાતે તારીખ ૨૨.૩.૨૦૨૨ થી શરૂ થઈ તારીખ ૮.૪ .૨૦૨૨ ના રોજ ફાઇનલ યોજાઇ હતી. આ ક્રિકેટ ટુર્નામેન્ટના આયોજનમાં ગુજરાત મધ્યપ્રદેશ રાજસ્થાન ત્રણ રાજ્યોના લબાના સમાજના યુવા ક્રિકેટરોની ૬૪ ટીમોએ ભાગ લીધો હતો. ફાઇનલ માટે વિજેતા ટીમને ૩૧ હજાર રોકડ ઈનામ તથા ટ્રોફી તથા રનર્સ ટીમને ૨૧ હજાર રોકડા તથા ટ્રોફી આપવામાં આવી હતી. ફાઇનલમાં રાજસ્થાન તથા મધ્યપ્રદેશ ની ટીમ બચ્ચે યોજાઇ હતી. જેમાં રાજસ્થાન જેમાં રાજસ્થાન રોયલ વિજેતા બની હતી. સમાજના અગ્રણીઓ દ્વારા ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સારા વાતાવરણમાં અને ભાઈચારા તેમજ ખેલદિલીથી ક્રિકેટ ટુર્નામેન્ટ પૂર્ણ થઈ હતી.

# આહારના પ્રતિનીધી દ્વારા પોતાના જન્મ દિવસે આહાર પ્રિન્ટ કરાવેલ ટી-શર્ટ અને રોકડ આપ્યા



દે.બારીયા, આજે રામનવમી અને તારીખ-૧૦-૦૪-૨૨ ના રોજ અમેરિકા ખાતેના આહારના પ્રતિનિધિ શ્રી શૈલેષભાઇ શાહે પોતાના જન્મદિવસની ઉજવણી આહારના તમામ લાભાર્થીઓને ''આહાર''નું નામ પ્રિન્ટ કરાવેલ ટીશર્ટ અને આહારમાં સેવા આપતા સૌ સ્ટાફને દરેકને રૂપિયા ૧૦૦૦/-રોકડા દેવગઢ બારીયા નગરપાલિકાના પ્રમુખ ડોક્ટર ચાર્મીબેન સોની, સજનબા અને યશોદાબેન પટેલના વરદ હસ્તે આપી અદ્દભુત રીતે આહાર ખાતે કરેલ હતી. સાથે સાથે સૌ લાભાર્થીઓને રોટલી-દાળ-ભાત-શાક-ગોટા અને ગુલાબજાંબુન સાથેનું ભોજન આપવામાં આવેલ હતું. કહેવાય છે કે એકમાં અને બીજું વતન આ બે વસ્તુ દુનિયામાં કોઈનું કદીપણ ખરાબ હોતું નથી અને કોઈપણ વ્યક્તિ દુનિયાના કોઈપણ ખૂણે જાય તો પણ તે પોતાની માં અને વતનને કદીપણ ભૂલી શકતો નથી. મૂળ બારીયાના અને વર્ષોથી અમેરિકામાં સ્થાયી થયેલા એવા શૈલેષભાઇ શાહ વતનના ગરીબોને અને જરૂરીયાતવાળાઓને યાદ કરી અવારનવાર આહારમાં અને ગામની અન્ય સંસ્થાઓમાં પણ સતત સહાય મોકલતા રહે છે. આહારના સૌ લાભાર્થીઓ અને વતનવાસીઓ એ તેમને આજે તેઓના જન્મદિવસે તેઓ આવી રીતે વધુને વધુ સત્કાર્યો કરતા રહે અને ઈશ્વર તેઓને તંદુરસ્તીભર્યું, દીર્ઘાયુષ્ય અર્પે તેવી સૌએ ઈશ્વરને પ્રાર્થના કરી શુભેચ્છાઓ પાઠવી હતી.



દાહોદ તાલુકાની ગલાલીયાવાડ જિલ્લા પંચાયત સીટની ટિફિન બેઠક અને બક્ષીપંચ મોરચાની સંયુક્ત આગામી કાર્યક્રમો દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદી દાહોદ પધારવાના હોઈ સંખ્યાના આયોજન માટે બેઠક ભોજન સાથે રાખવામાં આવી.

# દે.બારીયા શહેરમાં રામનવમી ઉત્સવને લઈ શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા, મર્યાદા પુરૂષોત્તમ ભગવાન શ્રીરામના જન્મોત્સવ એટલે રામનવમીના પાવન પર્વના દિવસે શ્રીરામ નવમી ઉત્સવ સમિતિના દ્વારા છેલ્લા પંદર દિવસ અગાઉ થી દે.બારીયા શહેર મુખ્ય ચાર રસ્તે તથા ફળીયે ફળીયે શણગારવામાં કેસરીયા પતાકાઓ તેમજ તોરણો લાઈટીંગ સીરીજો વિવિધ સ્થળોમાં રોશનીથી ઝગમગી ઉઠ્યા હતા અને ટાવરને પણ સુંદર કેસરી લાઈટ થી શણગારવામાં આવ્યું હતું.

મળતી માહિતી અનુસાર રામનવમીના મહાપર્વનું દે.બારીયામાં તા.૧૦/૦૪/૨૦૨૨ રવિવારના રોજ ૪.૦૦ કલાકે શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેને ઠેરઠેર સ્વાગત કરવામાં આવ્યું હતું. આ શોભાયાત્રામાં રામ ભકતો નાના મોટા સૌ આ શોભાયાત્રામાં હર્ષોઉલ્લાસ સાથે જોડાયા હતા. જેમાં અગાઉ બાઈક રેલીનું આયોજન કરાયું હતું. આખા પ્રોગ્રામ માટે સ્થાનિક પોલીસના દ્વારા બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યું હતું. આપણા એક નાના શહેરમાં કોઈપણ અનિચ્છનીય બનાવ ના બને તે માટે પોલીસ ખડે પગે પોતાની ફરજી ભાવિ રહ્યા હતા અને તેની તકેદારી તથા સાવચેતી ખાસ રાખવામાં આવી હતી. તે માટે દે.બારીયા પોલીસ બધાઈને પાત્ર છે.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ જિલ્લામાં ઝાયડસ હોસ્પિટલ એન્ડ મેડિકલ કોલેજની સ્થાપના કરવામાં આવી છે. આદિવાસી બાહુલય ધરાવતા જિલ્લામાં મેડિકલ કોલેજની સ્થાપના થતા હવે દાહોદ જિલ્લાના વિદ્યાર્થીઓને અન્ય જિલ્લાઓમાં મેડિકલની તાલીમ લેવા જવા માટે લાબું નહી થવું પડે તેને લઈને દાહોદ જિલ્લાના કેટલાક વિદ્યાર્થીઓને પોતાના જિલ્લામાં મેડિકલ ભણતર માટેની સુવિધાઓ પ્રાપ્ત થઇ છે. તેને લઈને દર વર્ષે ગુજરાત સરકારના પ્રયાસોથી નીમનલીયા ખાતે આવેલી દાહોદની ઝાયડસ મેડિકલ કોલેજ ખાતે મેડિકલ ક્ષેત્રે ભણતર કરી રહેલા ૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓને વાઈટ કોટ સેરેમણીની બેચોની શુભ શરૂઆતો કરવામાં આવતી હોઈ છે. ત્યારે આ વખતે પણ ૨૦૨૧-૨૨ ની વાઈટ કોટ સેરેમણી શરૂઆત દાહોદના સાંસદ જસવંતસિંહ ભાભોર ની ઉપસ્તિથીમાં કરવામાં આવી હતી અને આજે ચોથો બેચ ની શરૂઆત કરવામાં આવી હતી.

# આપની આજ.......

મેષ (અ.લ.ઈ.) : વાહન મશીન વગેરેથી સંભાળવુ,સારા શુભ સમાચાર મળશે, કરેલા રોકાણથી લાભ થશે, કામકાજમાં ફાયદો થશે.

વૃષભ (બ.વ.ઉ.) : નોકરી અને રોકાણથી લાભ થશે, યાત્રા પ્રવાસથી લાભ થાય, પરોપકારના કામ કરવાથી શાંતિ મળે,માનસિક બેચેની જણાશે.

મિથુન (ક.છ.ઘ.) : જોખમવાળા કામથી દુર રહેવુ, ખર્ચનુ પ્રમાણ અધિક જણાશે, શત્રુથી સામાન્ય પરેશાની જણાશે, અજાણ્યા વ્યક્તિનો વિશ્વાસ ના કરવો.

કર્ક (ડ.હ.) : રોકાયેલુ ધન કોશિષ કરવાથી મળશે, કામકાજમાં વૃદ્ધી થશે,રોકાણ, વેપાર, અભ્યાસમાં સફળતા મળશે, મનોબળ મજબૂત બનશે.

સિહ (મ.ટ.) : નવા કામકાજથી લાભ થશે, આત્મબળમાં વધારો થશે, કામકાજમાં ફાયદો થાય અને મન પ્રસન્ન રહેશે, કામમાં જવાબદારી વધશે.

કન્યા (પ.ઠ.ણ.) : ધાર્મિક યાત્રા કે પ્રવાસની સંભાવના છે, રાજકાજની રુકાવટો દુર થશે, ધનપ્રાપ્તિની સંભાવના પ્રબળ બને છે, કામકાજમાં સફળતા જણાશે.

તુલા (ર.ત.) : આકસ્મિક લાભ થાય, નવા રોકાણ માટે ઉત્તમ સમય છે, વિવાદીત કાર્યોમાં પ્રતિષ્ઠાને હાનિ પંહોચશે, મોટાની વાતને દિલ ઉપર ના લેવી.

વૃશ્ચિક (ન.ય.) : જીવનસાથી ભાગીદારોનો સહયોગ મળશે, વિરોધીઓ તમારાથી પરાજીત થશે, કોર્ટ કચેરી-પારિવારિક સંઘર્ષમા સાચવવુ, વ્યર્થ વાણીવિલાસથી દુર રહેવુ.

ધન (ભ.ધ.ફ.ઢ.) : સંપત્તિને લગતા કામકાજમાં લાભ થશે, સામાજીક કાર્યોમાં યશ પ્રભાવ વધશે, વિવેકવાળા કામકાજમાં લાભ થશે, હરિફાઈવાળા કામમાં સફળતા મળશે.

મકર (ખ.જ.) : મહેનતના પ્રમાણમાં સારી સફળતા મળશે, ધંધામાં આવકની નવી તકો મળશે, સંતાનોના પ્રશ્નોથી પરેશાની રહેશે, જવાબદારીમાં વધારો થશે સાથે લાભ પણ થશે.

કુંભ (ગ.શ.સ.ષ.) : મશીનરી અને વાહન બાબતે સંભાળવુ, જોખમી કામકાજથી દુર રહેવુ, વેપાર વાણિજ્યમાં મધ્યમ જણાશે, કેરીયરની બાબતમાં સાવધાન રહેવુ.

મીન (દ.ચ.ઝ.થ.) : યાત્રા પ્રવાસ કે ફરવાથી લાભ થશે, માન પાન પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે, રોકાયેલા કાર્યોમાં ગતિ મળશે, હોંશિયારીથી કામમાં ધ્યાન આપવુ.

## ધોરણ ૧૦ના પેપર લીક મામલો

# દાહોદ જિલ્લાના સંજેલીમાંથી પેપર વાઈરલ થયું હોવાનો ખુલાસો, પેપર શરૂ થયાના અડધા કલાકમાં જ લીક થયું હતું

દાહોદ,

શનિવારે ધોરણ ૧૦નું હિન્દીની પેપર ચાલુ પરીક્ષાએ જ સોશિયલ મીડિયામાં વાઈરલ થતા ખળભળાટ મચ્યો છે. આ મામલાની તપાસમાં પેપર દાહોદ જિલ્લામાંથી વાઈરલ થયું હોવાનું સામે આવ્યું છે. અમિત તાવિયાડ નામના શખ્સે પેપર શરૂ થયાના અડધા કલાક પછી જ સોશિયલ મીડિયા પર પેપર લીક કર્યું હોવાનો ખુલાસો થયો છે. પોલીસે આ મામલે પાંચ આરોપીઓની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

તારીખ ૯ એપ્રિલના રોજ ધોરણ ૧૦ની હિન્દીની પરીક્ષા હતી.જેમાં પરીક્ષા પૂર્ણ થવાના અડધા કલાક પહેલા હિન્દીનુ પેપર આન્સર કી સાથે સોશિયલ મીડીયામાં વાયરલ થઈ જતાં આખાયે રાજ્યમાં ખશભળાટ મચી ગયો હતો.જે ફેસબુક એકાઉન્ટ પર પેપર વાયરલ થયુ હતુ તે સંજેલીના ચમારીયાના હોળી ફળિયામાં રહેતાં ધનશ્યામ જગદીશભાઈ ચારેલનુ હોવાનુ ખુલ્યું હતુ.તેની તપાસ કરતાં ધનશ્યામને આ પેપર નાની સંજેલીમાં રહેતાં સુરેશ દલસીંમગ ડામોરે ૯૬૮૭૮૬૬૩૯૪ નંબર પરથી વોટ્સએપ દ્વારા ૧૧.૫૨ કલાકે જવાબો સાથે મોકલ્યુ હતું.



સુરેશ ડામોરની ઉલટ તપાસ કરતાં તેમનો પુત્ર ચિરાગ ધોરણ ૧૦ની પરીક્ષા આપી રહ્યો હોવાનુ ખુલ્યું હતુ. હિન્દી વિષયના પેપર માટે મુળ મહીસાગર જિલ્લાના કાળીબેલના રહેવાસી અને નાની સંજેલીમાં વૃંદાવન આશ્રમશાળાના પ્રાથમિક વિભાગના શિક્ષક શૈલેશ મોતીભાઈ પટેલે પોતાના ભુતપૂર્વ વિદ્યાર્થી કે જે સીંગવડ તાલુકાના મેથાણમાં રહે છે તે અમીત ભારતાભાઈ તાવિયાડનો સંપર્ક કરાવી આપ્યો હતો. જે અમિત તાવિયાડે હિન્દીનુ પેપર સવારે ૧૦:૪૭ કલાકે મોબાઈલ નંબર ૯૩૧૩૫૫૪૮૪૮ પરથી સુરેશ દલસીંગ ડામોરને મોકલી આપ્યુ હતુ. આ પેપરની પ્રિન્ટ કાઢવા માટે સુરેશે તેના મિત્ર જયેશ દલસીંગ ડામોરને ફોન કર્યો હતો.જયેશે તેને ઘરે બોલાવીને આ પેપરની પ્રિન્ટ કાઢવા માટે તેના સંબંધી ધનશ્યામ જગદીશ ચારેલને મોકલી આપ્યુ હતુ.ત્યાર બાદ આ પેપર વાયરલ થયુ હોવાનો ઘટસ્ફોટ થયો છે.જેથી પોલીસે પાંચેયની સામે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ધોરણ ૧૦ હિન્દીનું પેપર અમિત તાવિયાડ નામના શખ્સે પોણા અગિયાર વાગ્યે જ સુરેશને મોકલી આપ્યાનો ખુલાસો થયો છે. જો કે, અમિત પાસે પેપર ક્યાંથી આવ્યું તેનો હજી ખુલાસો થયો નથી. પોલીસે આ મામલે ઘનશ્યામ ચારેલ, સુરેશ ડામોર, શૈલેષ પટેલ અને જયેશ ડામોરની અટકાયત કરી છે. જ્યારે અમિત તાવિયાડ શોધખોળ હાથ ધરવામાં આવી છે.

શનિવારે ધોરણ ૧૦માં હિન્દીનું પેપર હતું. જે અડધા કલાકમાં ફરતું ગઈ હતું, ત્યારે શિક્ષણ બોર્ડ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી હતી કે આને પેપર ફૂટ્યું ન કહેવાય. જો કે તેની સાથેસાથે શિક્ષણ બોર્ડે પેપર ફરતાં થયા મુદ્દે તપાસ હાથ ધરી છે. ધોરણ ૧૦ના હિન્દીના પેપરમાં પૂછાયેલા સવાલના હાથથી લખાયેલા જવાબ સોશિયલ મીડિયામાં વાયરલ થયા હતાં. પેપરમાં સવાલના સેક્શન પ્રમાણે જવાબો વાયરલ થયાં હતાં. શનિવારના પેપરના જવાબ લીક થયા છે જેથી શિક્ષણ બોર્ડ દ્વારા કાર્યવાહી કરવામાં આવશે.એવું અધિકારીઓએ જણાવ્યું હતું. ફેસબુકના જે પેજ પર આ પેપર વાયરલ થયું છે. તેમાં એવું લખ્યું છે કે, ધોરણ ૧૦ નું પેપર પૂરૂં થવાને હજી અડધા કલાકની વાર છે પણ કોઈ અજાણ્યા નંબર પરથી આ પેપર વોટ્સએપ પર મળ્યું છે.ધનશ્યામ ચારેલ નામના વ્યક્તિએ પેપર સોલ્વ થયેલા ફોટા સોશિયલ મીડિયા પર મૂકીને ગેરીરીતિ અંગે જણાવ્યું હતું.

# દાહોદ નગર ખાતે રામનવમી શોભાયાત્રામાં માનવ મહેરામણ ઉમટી પડયું

દાહોદ,

દાહોદ શહેરમાં આજરોજ રામનવમીના આવસરે શ્રી રામયાત્રા આયોજન સમિતિ સંસ્કાર સોશ્યલ ગ્રુપ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ભગવાન શ્રી રામની શહેરમાં ભવ્ય યાત્રા કાઢવામાં આવી હતી. શ્રી રામયાત્રામાં લગભગ ૧૦ હજારની માનવ મહેરામણ ભાવિકો જોડાયાં હતાં. શ્રી રામયાત્રા શહેરના વિવિધ માર્ગો પર ફરી હતી. શ્રી રામયાત્રાએ શહેરમાં આકર્ષણનું કેન્દ્ર જમાવ્યું હતું.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

ભગવાન શ્રી રામના જન્મોત્સવના શુભ અવસરે શ્રી રામ નવમીના પાવન પર્વ પર સંસ્કાર સોશ્યલ ગ્રુપ, દાહોદ દ્વારા શ્રી રામ યાત્રાનું ચોથા વર્ષનું ભવ્ય આયોજન કર્યું હતું. આજરોજ સાંજના ૩.૩૦ કલાકે ભગવાન શ્રીરામની યાત્રા દાહોદ શહેરમાં ભવ્યતિભવ્ય નીકળી હતી. શ્રી રામ યાત્રા શ્રી રાજ રાજેશ્વર મહાદેવ મંદિર, રાજસ્થાન પંચાયત ભવન ઠક્કર ફળિયાથી નીકળી હતી અને વિવિધ માર્ગો જેમાં બસ સ્ટેશન, સ્વામી વિવેકાનંદ ચોક, ચાર થાંભલા, સરસ્વતી સર્કલ થી પરત ચાર થાંભલા, સ્વામી વિવેકાનંદ ચોક, રેલ્વે સ્ટેશન થઈ પરત ઠક્કર ફળિયા નીજ મંદિરે પહોંચી હતી. ભગવાન શ્રી રામ યાત્રાનું ઠેર ઠેર અનેક સંગઠનો, વિવિધ સમાજ અને અગ્રણીઓ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. ભગવાન શ્રી રામ યાત્રામાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાયો હતાં. જય શ્રી રામના નારા સાથે સમગ્ર દાહોદ શહેર ગુંજી ઉઠ્યું હતું. વિવિધ વેશભુષા સહિત આકર્ણનું કેન્દ્ર જમાવ્યું હતું.




## દે.બારિયા નગરમાં નાયક વાડા વિસ્તારમાં બકરા ચરાવતી બે મહિલાઓ ઉપર

# વન્યપ્રાણી દીપડાનો હુમલો બંને આધેડ મહિલાઓને ગંભીર ઈજાઓ થતાં બંનેને સારવાર હેઠળ ખસેડાયા

દાહોદ,

દેવગઢબારિયા નગરમાં નાયક વાડા વિસ્તારમાં ખેતરમાં બકરા ચરાવતી બે આધેડ મહિલા ઉપર સવારના દસ વાગ્યાના અરસામાં વન્યપ્રાણી દીપડાએ એકાએક હુમલો કરી દેતા બંને મહિલાઓને ગંભીર ઈજા ૬૦ વર્ષિય આધેડ મહિલા એ દીપડા નો સામનો કરતા દીપડો જંગલ તરફ ભાગ્યો બંને મહિલાઓ સારવાર હેઠળ જ્યારે એક મહિલાને ગંભીર ઈજા થતાં વધુ સારવાર હેઠળ વડોદરા ખસેડાયા બનાવની જાણ વાયુવેગે પ્રસરતા મોટી સંખ્યામાં નગરજનો ઘટનાસ્થળે વન કર્મીઓ ઘટના સ્થળે દોડી આવી તપાસ હાથ ધરી.



પ્રાપ્ત માહિતી મુજબ દેવગઢબારિયા નગરના નાયક વાડા વિસ્તારમાં રહેતી લીલાબેન પ્રભાતભાઈ નાયક ઉ ૫૩. ઝમકુ બેન ચંદુભાઈ નાયક ઉ.૬૦ જે બંને મહિલાઓ દેવગઢના ડુંગરની નજીકમાં આવેલ ખેતરમાં સવારના દસ વાગ્યાના અરસામાં બકરા ચરાવતી હતી. તે વખતે જંગલ તરફ થી અચાનક આવેલા વન્યપ્રાણી દીપડાએ લીલાબેન પ્રભાતભાઈ નાયક ઉપર હુમલો કરતાં લીલાબેનના મોઢા ઉપર ગંભીર ઈજાઓ કરી લીલાબેન જમીન ઉપર ફસડાઈ પડી હતી. ત્યારે દીપડાના અચાનક હુમલાને લઈ અન્ય આધેડ મહિલા જમકુ બેન નાયક આ બનાવને જોઈ એ ક્ષણે તે હેબતાઈ ગઈ હતી પણ દીપડો લીલાબેનને ફાડી ખાશે તે દહેશતથી ઝમકુ બેને દીપડાનો સામનો કરતા દીપડાને પત્થર મારી બૂમાબૂમ કરતા દીપડો લીલાબેનને છોડી ઝમકુબેન ઉપર હુમલો કર્યો હતો. ત્યારે ઝમકુ બેને વન્યપ્રાણી દીપડા નો સામનો કરતા આખરે દીપડો જંગલ તરફ ભાગી ગયો હતો. ત્યારે ઝમકુ બેને બુમા બુમ કરતા આસપાસમાં રહેતા લોકો દોડી આવ્યા હતા. લીલાબેનના મોઢાના ભાગે ગંભીર ઈજાઓ થતાં લોહીલુહાણ હાલતમાં તેમજ ઝમકુબેનના મોઢા તેમજ છાતીના ભાગે ઈજા ઓ થતા બંને મહિલાઓ ને સારવાર અર્થે દેવગઢ બારીઆ સરકારી હોસ્પિટલમાં ખસેડાયાં હતાં. ત્યારે લીલાબેનને ગંભીર ઈજાના કારણે વધુ સારવાર અર્થે વડોદરા ખસેડાયા હતા. ત્યારે આ દીપડાના હુમલાની જાણ વન કર્મીઓ ને થતા તેઓ ઘટના સ્થળે દોડી આવી તપાસ હાથ ધરી હતી. ત્યારે નગરમાં વન્ય પ્રાણી દીપડાએ હુમલો કર્યો હોવાની જાણ નગરજનો ને થતા નગરજનો માં જાણે ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો.

# ફતેપુરા તાલુકાના મારગાળામાં આશરે ૨૫ વર્ષીય યુવાનની ગળે ફાંસો ખાધેલી હાલતમાં લાશ મળી આવી : હત્યા કે આત્મહત્યા? ઘુંટાતું રહસ્ય

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના સુખસર પંથકમાં શંકાસ્પદ મોતના બનાવોમાં વધારો થતો જઈ રહ્યો છે. છેલ્લા દસેક વર્ષમાં પાંચેક ડઝન જેટલા શંકાસ્પદ મોતના બનાવો બની ચૂકેલા છે. જેમાંથી મોટાભાગના બનાવો ઉપર પડદો પડી ગયેલો છે.જેમાં વધુ એક બનાવ ગતરાત્રીના મારગાળા ગામના લીમઘાટી ફળિયાના આશરે ૨૫ વર્ષીય યુવાનની લાશ પોતાના મકાનમાં ગળે ફાંસો ખાધેલી શંકાસ્પદ હાલતમાં મળી આવતા પરિવાર સહિત ગામમાં હાહાકાર મચી જવા પામ્યો છે. સુખસર પોલીસે ઘટના સ્થળે જઈ પંચકેસ બાદ લાશને સુખસર સરકારી દવાખાનામાં પોસ્ટમોર્ટમ અર્થે મોકલવામાં આવી હોવાનું જાણવા મળે છે.

જાણવા મળેલી વિગતો મુજબ મારગાળા ગામના લીમઘાટી ફળિયામાં રહેતા હીરાભાઈ ભાભોરને ચાર પુત્રો છે. જેમાં ચોથા નંબરનો પુત્ર નામે ભરત ભાઈ હીરાભાઈ ભાભોર ઉંમર વર્ષ આશરે ૨૫ નો ખેતીવાડી તથા છૂટક કામ ધંધો કરી પોતાનું ગુજરાન ચલાવતો હતો. તેમજ તેના ત્રણ મોટા ભાઈ બહારગામ મજૂરી અર્થે ગયેલા હતા. જ્યારે ઘરે મૃતક ભરતભાઈ તથા તેની વૃદ્ધ માતા હતા. તેવા સમયે ગત રોજ સાંજના પાંચેક વાગ્યાના અરસામાં પાડોશમાં રહેતા શુક્રમ ભુંડાભાઈ સંગાડાએ આવી ભરતભાઈને જણાવેલ કે,મારી પત્ની પાસેથી તારો મોબાઈલ મળ્યો છે તેમ જણાવી લાકડીનો ફટકો મારતા ડાબા હાથે કાંડામાં ફ્રેક્ચર થવા પામ્યું હતું.જેની સારવાર કરાવી ભરતભાઈ પરત ઘરે આવ્યો હતો અને પોતાના ઘરમાં ઊંઘી ગયો હતો. ત્યાર બાદ આજરોજ સવારના છ વાગ્યાના અરસામાં વૃદ્ધ માતાએ જાગી જોતા ભરતભાઈ ભાભોર મકાનની વળી સાથે દોરડું બાંધી ગળે ફાંસો ખાધેલ હાલતમાં જોવા મળતા વૃદ્ધ માતાએ આસપાસના લોકોને વાત કરતા પાડોશીઓ દોડી આવ્યા હતા. ત્યારે ભરતભાઈ પ્રાણપંખેરૂં ઊડી ગયેલ નજરે પડતા તેની જાણ સુખસર પોલીસ સ્ટેશનમાં કરવામાં આવી હતી. પોલીસે ઘટના સ્થળે જઈ પંચનામાં બાદ લાશનો કબજો મેળવી લાશને સુખસર સરકારી દવાખાનામાં મોકલી આપવામાં આવી હોવાનું જાણવા મળે છે. જોકે ભરતભાઈનું મોત નીપજ્યું હોવાની વાત જાણતા શુક્રમ ભૂંડાભાઈ સંગાડના પરિવારના સભ્યો ફરાર થઈ જવા પામેલ હોવાનું પણ જાણવા મળે છે.

અત્રે નોંધનીય બાબત છે કે,મૃતક ભરતભાઈ હીરાભાઈ ભાભોરે પોતાના મકાનમાં ગળે ફાંસો ખાધેલી હાલતમાં મળી આવે છે.પરંતુ શંકા તો ત્યાં જાય છે કે,ભરતભાઈએ જે મકાનની વળી ને દોરડું બાંધી ફાંસો ખાધેલ જોવા મળે છે તેનાથી જમીન કથી ૭ ફૂટ જેટલી છે. જ્યારે ગળે ફાંસો ખાધો ત્યારે ભરતભાઈના પગ જમીન સાથે સ્પર્શેલા હતા અને ઢીચણ માંથી પગ વળી પણ ગયેલા હતા. જ્યારે બીજી બાજુ જોતા દોરડું બાંધવા જે ખુશી નો ઉપયોગ કરવામાં આવ્યો છે. તે ખુરશીના ટેકા ઉપર મૃતક ભરતભાઈ બેઠેલો હોય તેમ જણાય છે. જ્યારે આસપાસની ચીજવસ્તુઓ પણ સહી સલામત જોવા મળે છે.ત્યારે ગળે ફાંસો ખાધા બાદ મરણ જતા પહેલા મૃતક યુવાને જરા પણ હલચલ કરી નહીં હોવાનું નજરે જોતા સ્પષ્ટ રીતે જણાઈ આવ્યું હતું.ત્યારે આ બનાવ હત્યાનો છે કે આત્મહત્યા?તે પોલીસ તપાસનો વિષય બની રહે છે.



દેવગઢ બારીયા તાલુકાની શ્રી જે.એ.ચૌહાણ હોસ્પીટલમાં તા ૭/૪/૨૦૨૨ નાં રોજ વિશ્વ આરોગ્ય દિનની ઉજવણી આયુષ વિભાગના ડો.હાર્દિક વ્યાસનાં અધ્યક્ષપણા હેઠળ ઉજવવામાં આવ્યો.

## એતેકાફ

એતેકાફ કે લુગ્વી માના એક જગહ પર અપને આપ કો પાબદે રખજો રોકે રખના યા કહરને કે હૈ. કુર્આન પાક મેં યે લફઝઈસી માઈનો એ ઈસ્તેમાલ હુઆ હૈ લેકીન શરઈ ઈસ્તે માલમે ઈસસે મુરાદ એક ઐસી ઈબાદ હૈ જીસમે મુસલમાન મુકરર મુરદ્દતકે લીયે દુનિયા સે અલગહોકર યાદે ઈલાહીકે લિયે મસ્જીદ મે બેઠા જાતા હૈ ઔર યે ઈબાદત ઉશમન રમઝાન મુબારક કે ખારી અશરે મેં કી જાતી હૈ (રમઝાન માસના આખરી દસ દિવસો) આખરી અશરે મે કી જાતિ હૈ અગસ્થે એસી ઈબાદત કે લીયે હર વકત ખુદ કો મસ્જીદ મેં પાબંદ લિયા જા સકતા હૈ લેકીન ઉમૂમન રમઝાન શરીફ કે આખરી અશરે મેં મસ્જીદ મેં ગોશાનશીન હોને કો એ તે કાફ કહા જાતા હૈ.

હદીસ શરીફ

હઝરત અબુ કુરેશ ફરમાતે હૈ સરકાર મદીના હર સાલ દસ દિનમે એતેકાફ ફરમાતે થે ઔર જિસ સાલ આપકા વિશાલ હુઆ ઉસ સાલ આપને બિસદીન એતેકાફ ફરમાયા હદીશ શરીફ– હઝરત સરકાર ઈમામે હુસેન સે રિવાયત હે કે હુઝુર સલ્લલ્લાહો અલય હૈ વઆલેહિ વસલ્લમનો ફરમાયા કે રમઝાન શરીફ કે આખરી દસ દિનોમેં એતેકાફ કનેવાલા ઐસા હૈ જેસે ઉસને દો હજ ઔર દો ઉમરે કિયે (બય–હકકી)

( હવાલા તો હ–ફ–એ. રમઝાન શરીફ પાન.૧૧૪–૧૧૫)

તા. ૧૧/૦૪/૨૦૨૨ સોમવાર

ખત્મે શહેતી ૪.૫૫

વકતે ઈફતાર ૬.૫૯

નોંધ : આ ટાઈમ પંચમહાલ તથા દાહોદ પુરતો છે. મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.193

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# રામનવમી નિમિતે ગોધરામાં ભવ્ય શોભાયાત્રા યોજાઈ : મોટી સંખ્યામાં યુવાનો અને નગરજનો જોડાયા





ગોધરા, ચૈત્ર સુદ નોમ એટલે કે રામનવમી નિમિત્તે ગોધરા શહેરમાં ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં યુવાનો તેમજ નગરજનો જોડાયા હતા. આ શોભાયાત્રા શહેરના માર્ગો પર ફરી પરત રામજી મંદિર આવી હતી.જે આકર્ષણનું કેન્દ્ર બની હતી.

ચૈત્ર સુદ નોમ એટલે કે મર્યાદા પુરૂષોત્તમ ભગવાન શ્રીરામનો જન્મ દિવસ, ગોધરા શહેરના રામસાગર તળાવ પાસે અંદાજે ૨૦૦ વર્ષ જૂનું પૌરાણિક રામજી મંદિર આવેલું છે. દરવર્ષે રામનવમીના દિવસે આ મંદિરે ભગવાન શ્રીરામ લક્ષ્મણ અને સીતાજીને શણગાર કરવામાં આવે છે અને ભકતો પણ મોટી સંખ્યામાં દર્શનાર્થે આવે છે. રામનવમીના દિવસે રામજી મંદિર ખાતે ભવ્ય શોભાયાત્રાનું પણ આયોજન કરવામાં આવે છે. ત્યારે આજે સવારે ૧૦ કલાકે શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. બે વર્ષમાં કોરોનાકાળ બાદ યોજાયેલી શોભાયાત્રામાં મોટી સંખ્યામાં યુવાનો તથા નગરજનો તેમજ ગોધરા શહેરના આગેવાનો પણ જોડાયા હતા. આ શોભાયાત્રા તળાવ પાસેથી નીકળી હતી અને ગોધરા શહેરના કલાલ દરવાજા પાંજરાપોળ, ચિત્રા સિનેમા પટેલવાળા અને સોનીવાડ ના મુખ્ય માર્ગો પર ફરી પરત રામજી મંદિર ખાતે પહોંચી હતી. આ શોભાયાત્રામાં બગી ગાડી, વિવિધ વેશભૂષામાં સજ્જ બાળકો પણ જોડાયા હતા. જે આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. તદ્દુપરાંત યુવાનોને તલવાર તેમજ વિવિધ કરતબ પણ કર્યા હતા. રાજ્યના આરોગ્ય મંત્રી નિમિષાબેન સુથાર પણ ગોધરા શહેરની શ્રી રામનવમી શોભાયાત્રામાં જોડાયા હતા.

## ગોધરાના કાંકણપુર ગામે ખેતીની જમીન એન.એ. કર્યા વગર બોગસ નકશાની પ્લોટીંગ કરી ગ્રાહકો પાસે ૧.૨૦ કરોડ ઉઘરાવી લેનાર બિલ્ડર સામે કાર્યવાહી થશે ખરી...?

### આવા છેતરપિંડી કરવામાં માહિર બિલ્ડર સામે કાર્યવાહી કરી દાખલો બેસાડવો જરૂરી

ગોધરા,

ગોધરા તાલુકાના કાંકણપુર ગામની ખેતીની જમીન જે સંયુકત માલિકી કબ્જા ભોગવટાની હોય તેવી જમીનના એક વારસદાર દ્વારા ગોધરાના બિલ્ડરને વેચાણ બાનાખત નોટરી દ્વારા કરાવીને બાનાખતના આધારે જમીનના કબ્જા હકકો મેળવેલ હતા. તેમાં બિલ્ડર દ્વારા ખેતીની જમીનને બીનખેતી (એન.એ.) કરવાની પ્રક્રિયા કર્યા વગર ખેતીની જમીનમાં પ્લોટીંગ કરવામાં આવ્યું હતું. ખેતીની જમીન એન.એ. કર્યા વગર બોગસ નકશા તૈયાર કરી પ્લોટ પાડવામાં આવ્યા હતા અને પ્લોટનું બુકીંગ શરૂ કરવામાં આવ્યું હતું.

ગોધરાના બિલ્ડર દ્વારા ખેતીની જમીન એન.એ.કર્યા વગર પ્લોટીંગ કરીને પ્લોટનું બુકીંગ કરીને ૧૧૩ જેટલા ગ્રાહકો પાસેથી ૧.૧૦ લાખ રૂપીયા લેખે ૧.૨૦ કરોડ રૂપીયા ઉઘરાવી લેવામાં આવ્યા હતા અને છ મહિનામાં પ્લોટનો કબ્જો સોંપવાની ખાતરી આપી હતી. તે પુરી નહી કરીને પ્લોટ વેચાણ રાખનાર ગ્રાહકો સાથે વિશ્વાસઘાત છેતરપિંડી કરવામાં આવી. બિલ્ડર દ્વારા પ્લોટ ખરીદનાર ગ્રાહકોને ૩૦૦ રૂપીયાના સ્ટેમ્પ ઉપર લખાણ કરી આપવામાં આવ્યું તેમાં નોટરીના સહી–સિકકા વગર કાગળો આપવામાં આવ્યા.

કાંકણપુર ગામની ખેતીની જમીન બિનખેતી કર્યા વગર બોગસ નકશાના આધારે ૧૧૩ પ્લોટીંગ પાડીને ગ્રાહકો પાસેથી બુકીંગ સમયે ૫૧,૦૦૦/–રૂપીયા તેમજ ૫૦,૦૦૦/–રૂપીયા બીજી વખત લઈ કુલ ૧,૧૦,૦૦૦/–રૂપીયા ઉઘરાવી લેવામાં આવ્યા હતા અને બિલ્ડર દ્વારા નિયત કરેલ સમય મર્યાદામાં પ્લોટનો કબ્જો નહી આપી છેતરપિંડી વિશ્વાસઘાત કરતા આ બાબતે મહિલા દ્વારા રાજ્યના મહેસુલ મંત્રી સુધી લેખિત રજુઆત કરવામાં આવી છે. કાંકણપુર ગામે ખેતીની જમીનમાં એન.એ. (બિનખેતી)ની પ્રક્રિયા પુરી કર્યા વગર ૧૧૩ જેટલા ગ્રાહકો પાસેથી ૧.૨૦ કરોડ રૂપીયા ઉઘરાવી લેવામાં આવ્યા હોવાનો અહેવાલ અખબારમાં પ્રસિદ્ધ થવા છતાં તંત્ર દ્વારા કે જે કાંકણપુર પોલીસ ઉપર મહિલા દ્વારા ફરિયાદ ન લેવાના આક્ષેપ કર્યા છે. તેમ છતાં કાર્યવાહી નહી કરતાં અનેક તર્કવિતર્ક ઉભા થઈ રહ્યા છે.

### બિલ્ડર દ્વારા ગ્રાહકને બાંહેધરી અને નોટરીની સહી-સિકકા વગરનું આપ્યું

કાંકણપુર ખેતીની જમીન (એન.એ.) કર્યા વગર વેચાણ બનાખતના આધારે બિલ્ડર દ્વારા કબ્જો હકક લઈને પ્લોટીંગ કરવામાં આવ્યું હતું. પ્લોટ ખરીદનાર ગ્રાહકો સાથે બિલ્ડર દ્વારા નાણાં મળ્યાની પહોંચ તેમજ પ્લોટ માટેનું બાંહેધરીખત નોટરીની રૂબરૂ લખી આપવામાં આવ્યું છે. આ બાંહેધરીખતમાં નોટરીના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે પણ નોટરીના સહી-સિકકા કરવામાં આવ્યા નથી. જે બિલ્ડર દ્વારા અગાઉથી ગ્રાહકો સાથે છેતરપિંડી કરવાનું ષડયંત્ર હોવાનું ફલિત થઈ રહ્યું છે.

## શહેરા ખાતે રામનવમી નિમિતે ભવ્ય શોભાયાત્રા યોજાઈ



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

છેલ્લા બે વર્ષથી કોરોના મહામારીના કારણે કેટલાયે તહેવારો માં ઉજવણી શક્ય ન હતી બની પરંતુ કોરોનાની ત્રીજી લહેર પણ અસરદાર ન થતા સરકાર દ્વારા છૂટછાટ આપવામાં આવી હતી. આથી રવિવારના રોજ રામનવમી હોવાથી શહેરામાં રામજી મંદિરેથી શોભાયાત્રા કાઢવામાં આવે છે. જે અનુસંધાનમાં વિશ્વ હિન્દુ પરિષદ સંસ્થા દ્વારા રવિવારના રોજ બપોરના ચાર કલાકે રામજી મંદિરેથી મર્યાદા પુરૂષોત્તમ રામની શોભાયાત્રા કાઢવામાં આવી હતી. શોભાયાત્રા નગરના મુખ્ય બજાર થી થઈ ઘાંચીવાડ વિસ્તારમાંથી થઈ સિંધી બજાર સિંધી ચોકડી બસ મથક વિસ્તાર થઈ પરત રામજી મંદિર ફરી હતી. નોંધનીય છે કે, છેલ્લા કેટલાય દિવસથી વિશ્વ હિન્દુ પરિષદના લંબર મુછીયા યુવાનો દ્વારા સમગ્ર નગરના હિન્દૂ વિસ્તારમાં કેસરી ધજાઓ લગાવવવામાં આવી હતી. તદુપરાંત સોશિયલ મીડિયાના માધ્યમ દ્વારા શોભાયાત્રામાં લોકો મોટી સંખ્યામાં જોડાય માટે બહોળા પ્રમાણમાં પ્રચાર પ્રસાર કરવામાં આવ્યો હતો. શોભાયાત્રામાં નગરના વરિષ્ઠ અને અગ્રગણી લોકો પણ જોડાયા હતા. પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે શોભાયાત્રા કાઢવામાં આવી હતી અને નિર્વિઘ્ને પૂર્ણ થતાં તંત્રએ હાશકારો અનુભવ્યો હતો.

## ગોધરા શહેરમાં ચકચાર જગાવનાર TVS ટુ વ્હીલર શોરૂમમાં લાખો રૂપિયાની ઉચાપત કરનાર કર્મચારીની આગોતરા જામીન અરજી નામદાર કોર્ટ દ્વારા નામંજૂર કરવામાં આવી

ગોધરા,

ગોધરા શહેરમાં દાહોદ રોડ ઉપર આવેલ ટી.વી.એસ.કંપની નો ટુ વ્હીલર વાહન વેચાણ નો શોરૂમ આવેલ છે. આ શોરૂમમાં સને ૨૦૨૦–૨૦૨૧ ના સમયગાળામાં વૈભવ જીતુભાઈ સોની ફરજ બજાવતા હતા અને શોરૂમનું રોજેરોજનું કામકાજ જોતાં હતાં અને તેમને પોતાની ફરજ દરમિયાન વાહન વેચાણના જે રૂપિયા આવતા હતા. તેમાંથી લગભગ અંદાજીત ૩૪ લાખ રૂપિયા જેટલી રકમ પોતાના અંગત ઉપયોગમાં વાપરી કાઢી નાણાંની ઉચાપત કરવામાં આવતા આ બાબતે શોરૂમના માલિક દ્વારા ગોધરા ટાઉન પોલીસ સ્ટેશન એ ડીવીઝનમાં ફરિયાદ આરોપી વૈભવ સોની સામે નોંધાવેલી જેથી આ ગુન્હાના કામે પોલીસ દ્વારા સઘન તપાસ હાથ ધરાતા અને આરોપીની શોધખોળ શરૂ કરવામાં આવતા આરોપી દ્વારા ધરપકડ થી બચવા માટે પંચમહાલ જિલ્લાના મહેરબાન એડીશનલ શેસન્સ જજની કોર્ટમાં આગોતરા જામીનઅરજી દાખલ કરવામાં આવી હતી. જે જામીન અરજીની સુનાવણી થતાં પંચમહાલ જિલ્લાના એડીશનલ શેસન્સ જજ કે.જે.દરજી જીલ્લા સરકારી વકીલ રાકેશ.એસ. ઠાકોર ની વિગતવાર ની દલીલો તથા પોલીસ તપાસના કાગળોને આધારે આરોપીની આગોતરા જામીન અરજી નામંજૂર કરી છે.

## ગોધરા વડોદરા હાઈવે ઉપર આવેલ સહયોગ હોટલની સામે ગમખ્વાર અકસ્માત બાઈક ચાલકનું ઘટના સ્થળે મોત



ગોધરા,

ગોધરા વડોદરા હાઈવે ઉપર આવેલ સહયોગ હોટલની સામે ગમખ્વાર અકસ્માત સર્જાયો. ઘટના સ્થળે ૫૮ વર્ષના બાઈક ચાલકનું મોત પરિવારજનોમાં દુઃખનું મોજું ફરી ગયું. વેજલપુર ગામનો રહીશ ગોધરા થી વેજલપુર કડિયા કામ કરી બાઈક લઈને પરત ફરતી વખતે પાછળ થી ગોધરા તરફથી વડોદરા જતી ફોરવહીલ ગાડી MP.07.CB. 8659 ના ચાલકે પોતાના કબજાની ગાડી ફુલ ફાસ્ટ બે ફિકરાય અને ગફલત રીતે ચલાવીને GJ.17.AP.3690 ના બાઈક ચાલકને જોરદાર ટક્કર મારતા બાઈક ચાલક ઉછડીને ફોરવહીલ ગાડીના આગળના કાચ ઉપર પટકાયા હતા અને ફોરવહીલ ગાડી રોડની સાઈડ ખાઈ માં ઉતરી ગઈ હતી. જેના કારણે વેજલપુર ગામના ૫૮ વર્ષ ના બાઈક ચાલકનું ઘટના સ્થળે મોત નિજપ્યું હતું. ઘટનાની જાણ પરિવાર અને વેજલપુર પોલીસને જાણ થતા ઘટના સ્થળે દોડી આવ્યા હતા. જેથી વેજલપુર પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી અને બાઈક ચાલકના મૃતદેહ પી.એમ. અર્થે ગોધરા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

## વિશ્વ હોમીયોપેથીક દિવસ નિમિતે ગોધરામાં જાગૃતિ રેલીનું પ્રસ્થાન કરાવાયું



ગોધરા,

વિશ્વ હોમીયોપેથીક દિવસ નિમિત્તેજય જલારામ હોમિયોપેથીક મેડીકલ કોલેજ મોરવા (રેણા) તથા ભા.જ.પા. મેડીકલ સેલદ્વારા પછાત વિસ્તારમાંનિર્દોષ અને અસરકારક ચિકિત્સા પદ્ધતિનો વ્યાપકતાતેમજ સેવા સમર્પણને અનુલક્ષીને ગોધરામાં જાગૃતિ રેલીને પંચમહાલ જિલ્લા પંચાયતના પ્રમુખ કામિનીબેન સોલંકીએ લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે કોલેજના પ્રમુખ અને પ્રિન્સીપાલ એવા જીલ્લા ભાજપ ડોકટર સેલના કન્વીનર ડો.વિજયભાઈ પટેલ, પંચમહાલ જિલ્લા આયુર્વેદ હોમીયોપેથીક ડોક્ટસે એશોસીએશન સેક્રેટરી અનેજીલ્લા ભાજપ મિડિયા સેલ કન્વીનર ડો.હર્ષદભાઈ મહેરા તથા તબીબો, વિદ્યાર્થીઓ જોડાયા હતા.

રેલી બાદ BRGF ભવનખાતે યોજાયેલ ખાસ કાર્યક્રમમાં ૧૦એપ્રિલ હોમિયોપેથી પદ્ધતિના પ્રણેતા ડો.સેમ્યુઅલ હેનેમેનના જન્મદિવસ નિમિતે કેક કાપવામાં આવી હતી. તેમજ પંચમહાલ જિલ્લામાં હોમિયોપેથીક તબીબો જેઓ વિશિષ્ટસેવાઓ આપી રહ્યા છે. તેઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં ગોવિંદ ગુરૂ યુનિવર્સીટીના વાઈસ ચાન્સલર ડો. પ્રતાપ સિંહ ચૌહાણ, પંચમહાલ જિલ્લા ભાજપના અધ્યક્ષ અશ્વિનભાઈ પટેલ, માધ્યઝોનના ડોક્ટર સેલ કન્વીનર ડો. પિનાકીન પટેલહાજર રહ્યા હતા.

પ્રાસંગિક પ્રવચનમાં ગોવિંદ ગુરૂ યુનિવર્સીટીના વીસી. ડો પ્રતાપ સિંહ ચૌહાણ દ્વારા હાજર હોમિયોપેથીકડોકટર તેમજ હોમિયોપેથીકકોલેજના વિદ્યાર્થીઓને ભવિષ્યમાં હોમિયોપેથીકચિકિત્સા પદ્ધતિના પ્રચાર માટે નવા અભિગમો સાથેપ્રજાની વચ્ચે જવું જોઈએ એમ જણાવ્યું હતું.

ડો. વિજય પટેલજેઓ જય જલારામ હોમિયોપેથીક કોલેજના પ્રમુખ અને પ્રિન્સિપાલ છે. તેઓએ પ્રસંગને અનુરૂપ પ્રવચનમાં હોમિયોપેથીને જન જન સુધી પહોંચાડવાની નેમ સાથે પોતાના વિદ્યાર્થીઓને હંમેશા હોમિયોપેથીક ચિકિત્સા પદ્ધતિમાં અવનવા સંશોધન સાથે પ્રેક્ટિસ કરવા આહવાન કર્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન આયુર્વેદિક હોમિયોપેથીક એશો. પંચમહાલના મહામંત્રી ડો. હર્ષદ મહેરાએ કર્યું હતું. સાથે સાથેઆજ રોજ જિલ્લા આયુર્વેદિક વિભાગ અને જય જલારામ હોમિયોપેથીક કોલેજ દ્વારા હોમિયોપેથીક દવાઓ માટેના એક કેમ્પનું આયોજનપણ ગોધરાના સિંધી સમાજની વાડી ખાતે કરવામાં આવ્યું હતું. જેનો ૩૦૦થી પણ વધારે દર્દીઓએ લાભ લીધો હતો.

## ગોધરા ભામૈયા એફસીઆઈ ગોડાઉન ખાતે ગુડ્ઝ ટ્રેનના ત્રણ ડબ્બા પાટા પરથી ઉતરી જતા ત્રણ વેગનને નુકસાન

ગોધરા,

ગોધરા તાલુકાના ભામૈયા ગામ પાસે એફસીઆઈ ગોડાઉન આવેલ છે. ગોડાઉનમાં ગુડ્ઝ ટ્રેન મારફતે અનાજની બોરી ઉતારવામાં આવે છે. બે દિવસ અગાઉ ગુડ્ઝ ટ્રેનમાં ઘઉંનો જથ્થો આવ્યો હતો. ઘઉંનો જથ્થો ઉતાર્યા બાદ ૫૩ ડબ્બાવાળી ગુડ્ઝ ટ્રેન સાથે અન્ય ૩ વેગનને જોઈન્ટ કરવા કામગીરી ચાલુ કરાઈ હતી. સેન્ટિંગ કરતા ટ્રેનનો જોરદાર ધકકો ઉભા રહેલા ૩ ડબ્બાને વાગતા ગોડાઉનની રક્ષણ દિવાલ તોડીને ખુલ્લા મેદાનમાં ખડી પડ્યા હતા. ૩ વેગનના ડબ્બાના પૈડા છુટા પડી ગયા હતા. પરંતુ ઘટનામાં કોઈ જાનહાનિ ન થતાં રેલ્વે વિભાગે રાહતનો દમ લીધો હતો. આ ઘટનામાં ત્રણ જેટલા વેગનને મોટાપાયે નુકસાન થવા પામ્યુ હતુ. આ ઘટનાની જાણ થતાં જ રેલ્વે વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. અને તપાસ હાથ ધરી હતી. જો કે આ ઘટના બાદ ગુડ્ઝ ટ્રેનના લોકો પાયલોટ અને આસિસ્ટન્ટ લોકો પાયલોટને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. રેલ્વે વિભાગ દ્વારા તપાસના આદેશ આપવામાં આવ્યા છે. હાલ આ તમામ નુકસાનગ્રસ્ત વેગન રેલ્વે વિભાગ દ્વારા ગોધરા રેલ્વે સ્ટેશનના રેલ્વેયાર્ડ ખાતે ખસેડવામાં આવ્યા છે.

## ગોધરા મુસ્લિમ ઘાંચી સમાજના ત્રણ યુવકોના બે અલગ સ્થળોએ મોત નીપજતાં સમાજમાં ઘેરા શોકની લાગણી

ગોધરા,

ગોધરા મુસ્લિમ ઘાંચી સમાજના ત્રણ આશાસ્પદ યુવકોના બે અલગ અલગ બનાવમાં કરૂણ મોત નીપજતાં સમાજમાં ઘેરો શોક છવાયો છે. બે યુવકોના ગોધરાના એકસઠ પાટિયા પાસેથી પસાર થતી નર્મદા કેનાલમાં ડુબી જવાથી અને એક યુવકનુ વેજલપુર પાસે માર્ગ અકસ્માતમાં મોત નીપજ્યું હતુ. પવિત્ર રમઝાન માસમાં સમાજના ત્રણ યુવકો મોતને ભેટતા સ્વજનોના માથે આભ તુટી પડ્યા જેવી સ્થિતિનુ નિર્માણ થયુ છે.

ગોધરા શહેરમાં રહેતા યુસુફ ઈસ્હાક વહાબ(હાજી)અને ઈમરાન હુસૈન મુલ્લા બંને શનિવારે બપોરે ગોધરાના એકસઠ પાટિયા પાસેથી પસાર થતી નર્મદા મુખ્ય કેનાલ ખાતે ગયા હતા. દરમિયાન પાણીમા વિસર્જન પ્રક્ચિા વેળાએ જ બંને ગરકાવ થઈ જતા દોડધામ મચી ગઈ હતી. પાણીમાં ડુબેલા બંને યુવકોને સ્થાનિક તરવૈયાઓની મદદથી રેસ્કયુ કરી બંનેના મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા હતા.

આ ઉપરાંત અન્ય એક માર્ગ અકસ્માતની ઘટના બની હતી. જેમાં ઐયુબ પાડવા વેજલપુર પાસેથી બાઈક લઈ પસાર થઈ રહ્યા હતા એ વેળાએ પાછળથી આવતા કારના ચાલકે બાઈકને ટકકર મારતા ઐયુબભાઈનુ ગંભીર ઈજાઓના કારણે મોત નીપજ્યું હતુ. પવિત્ર રમઝાન માસમાં આકસ્મિક ઘટનાઓમાં ત્રણ આશાસ્પદ યુવકોના મોત નીપજતા સમગ્ર સમાજ અને પરિવારજનોમાં શોકની લાગણી છવાઈ છે.

## સદ્ભાવના મિશન ક્લાસ બહારપૂરા ગોધરામાં બાબા રામદેવ પીર મંદિર ખાતે બાળકોની પ્રાથમિક પરીક્ષાઓની પૂર્વ તૈયારીઓ



ગોધરા,

સદ્ભાવના મિશન ક્લાસ બહારપૂરા ગોધરામાં બાબા રામદેવ પીર મંદિર ખાતે મફત શિક્ષણ કોચિંગ કલાસ અભ્યાસ છેલ્લાં કિટલાંય વર્ષોથી શરૂ કરવામાં આવ્યો છે. આજના સમયમાં આર્થિક રીતે નબળા બાળકોને મોંઘી ફી પરવરે એમ ન હોય તેવા ઝુપડ પટ્ટીમાં રહેતા બાળકોને ઉચ્ચ શિક્ષણ મળી રહે તે હેતુથી બાળકોને મફત શિક્ષણ કોચિંગ ક્લાસ અભ્યાસ આપી રહ્યા છે. આ ક્લાસમાંથી ઘણા વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવી કોલેજમાં અભ્યાસ કરી રહ્યા છે. સદ્ભાવના મિશન ક્લાસમાં ૧૩૦ થી વધુ બાળકોને શિક્ષણ આપી રહ્યા છે. જેમાં ધોરણ ૦૧ થી ૦૯ સુધીના ગરીબ અને મદયમ વર્ગના અને માતા–પિતા ગુમાવ્યા હોય તેવા બાળકોને શિક્ષણ સાંજે સમયે બાળકો અનંદ ઉલ્લાસથી આવી રહ્યાં છે. તદ્ઉપરાંત બાળકોને ઉચ્ચ અભ્યાસ માટે સારૂ શિક્ષણ કોચિંગ મળી રહે તે માટે તમામ વિષયના પુસ્તકો અને પ્રશ્નો પાત્રોની પૂર્વ તૈયારીઓ નામાંકિત અને એકતાના પ્રતિક શિક્ષક ઈમરાન લગાતાર શિક્ષણ આપી રહ્યા છે. જેથી બાળકોને સારા માર્ક્સ આવે અને તેમના માતાપિતાનું અને સમાજનું નામ રોશન કરે એવી ભાવના સાથે આપી રહ્યા છે.

## ગોધરા બામરોલી રોડ ખાતે નવીન સબ પોસ્ટ ઓફિસ ટુંક સમયમાં શરૂ કરાશે

ગોધરા,

ગોધરા શહેરની સ્ટાફ બજાર સબ પોસ્ટ ઓફિસને વ્હોરવાડ ખાતે લઈ જવામાં આવેલ હતી. ત્યારબાદ વ્હોરવાડ અને શરાફ બજારની સબ પોસ્ટ ઓફિસને હેડ ઓફિસ ખાતે લઈ જવામાં આવતા એક જ પોસ્ટ ઓફિસમાં ગોધરા સહિત ગ્રામ્ય વિસ્તારના લોકોનુ કામ શરૂ થતાં પ્રજાને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો હતો. આ અંગે ગોધરાના પુર્વ સાંસદ પ્રભાતસિંહ ચૌહાણને ગોધરાના શહેરીજનો અને ગ્રામજનોએ રજુઆત કરતા સાંસદે પોસ્ટ વિભાગના ઉચ્ચ અધિકારીઓને ગોધરા શહેરની બે લાખની વસ્તી હોઈ ગોધરા શહેરમાં બામરોલી રોડ ખાતે નવીન સબ પોસ્ટ ઓફિસ બનાવવા લેખિત રજુઆત કરેલ હતી. જેને લઈને આ વિસ્તારમાં આવેલ ૧૦૦ થી વધુ સોસાયટીઓ ઉપરાંત નજીકના ગ્રામ્ય વિસ્તારના લોકો પણ સેવાનો લાભ લઈ શકે તેવી રજુઆત કરી હતી. માજી સાંસદની રજુઆતના પગલે પોસ્ટ વિભાગની વડી કચેરી દ્વારા બામરોલી રોડ ખાતે નવીન સબ પોસ્ટ ઓફિસ મંજુર કરેલ છે. અને ટુંક સમયમાં સ્થળ પસંદગી કરી શહેરીજનો અને ગ્રામજનોને તેનો લાભ મળતો થઈ જશે.



ગોધરા ખાતે કાછીયા (પટેલ) સમાજ દ્વારા આજરોજ ભગવાન સ્વામીનારાયણની જન્મ જયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવી. શહેરના રાજમાર્ગો ઉપર ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી. હરિ ભકતો ભકિતાં તબોડ થયા.